ટ્રાફિક સિગ્નલના થાંભલા કાગડા-કબુતરને બેસવા તો ચાલશે...!

ગાંધીનગરમાં ઉભા કરાયેલ તમામ ટ્રાફીક સિગ્નલ શોભાના ગાંઠીયા

પાટનગરના વાહનચાલકોનુ હજુ પણ માઈન્ડ સેટ થતુ નથી : ચાલકો દ્વારા સિગ્નલને ધ્યાનમાં પણ ન લેવાતા બંધ કરી દેવાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના કેટલાક હેવી ટ્રાફીકવાળા મુખ્ય સર્કલો પર તંત્ર દ્વારા તાજેતરમાં જ ટ્રાફીક સિગ્નલ મુકવામાં આવ્યા હતા. આ સિગ્નલ ચાલુ છે કે બંધ તે પણ જોવાની તસ્દી ગાંધીનગરના વાહનચાલકો દ્વારા લેવામાં આવતી નથી. હજુ પણ વાહનચાલકોનું આ ટ્રાફીક સિગ્નલ સિસ્ટમથી માઈન્ડ સેટ થયુ નથી. જો કે હવે તો સિગ્નલ પણ શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે. તેનો ઉપયોગ તો થતો ન હતો પરંતુ હવે સિગ્નલની લાઈટ્સ પણ બંધ થઈ ગઈ છે.



ગાંધીનગરમાં રેસીડેન્સીયલ અને કોમર્શીયલ ડેવલપમેન્ટ થતા રોજેરોજની ટ્રાફીકમાં વધારો જોવા મળતા ખાસ સર્કલો પર ટ્રાફીક નિયમન કરવું જરૂરી બન્યુ છે. જેને પગલે ટ્રાફીક સિગ્નલ પ્રોજેક્ટ હાથ પર લેવામાં આવ્યો હતો. ઘ-૩ સર્કલ, ચ-૩ સર્કલ, વિધાનસભા સામેના માર્ગ પર સહિત હેવી ટ્રાફીક વાળા સર્કલ પર ટ્રાફિક સિગ્નલ મુકવામાં આવ્યા અને ઓફીસ અવર્સ દરમ્યાન સિગ્નલ મુજબ ટ્રાફીક નિયમન શરૂ કરવામાં આવ્યું હતું. જો કે ક્યારેય હેલ્મેટ સીટ બેલ્ટ ન બાંધાનાર અને જો આ નિયમભંગ બદલ પોલીસ પકડે તો વગ બતાવીને કોઈને પણ ફોન જોડી પોલીસને પકડાવી દેનાર ગાંધીનગરના વાહનચાલકોના માઈન્ડમાં હજુ સિગ્નલ સેટ થતા નથી. ટ્રાફીક સિગ્નલ દ્વારા નિયમન કરવાની વાત તો દુર રહી પરંતુ હવે તો સિગ્નલ બંધ જ કરી દેવામાં આવ્યા છે. સિગ્નલ હવે કાગડા-કબુતરને બેસવા જ કામ આવશે કે તેનો ઉપયોગ પણ થશે તે એક પ્રશ્નાર્થ છે !

ઈમ્પેક્ટ ફીના ત્રણ હજાર ફોર્મ ભરાયા

મુદત વધારવાની માંગ યથાવત : આજે પણ કાર્યવાહી ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવાના કાયદા હેઠળ ૩ હજાર અરજદારોએ રસ દાખવ્યો છે. ગુડાએ અરજી દાખલ કરવાની મુદત પૂર્વેરજાના દિવસેપણ ફોર્મસ્વીકારવામાં આવનાર છે ત્યારે બિનઅધિકૃત બાંધકામ નિયમિત કરાવવાની પ્રક્રીયા સંદર્ભે નગરજનો નિરસતા સેવી રહ્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

મેગાસીટીની જેમ ગાંધીનગરમાં પણ બિનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા ગુડા દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગુડા કક્ષાએથી અગાઉ આ મામલે સમયગાળો વધારી સેક્ટરવાસીઓને જાણ કરવા સેક્ટરે સેક્ટરે ઝુંબેશ હાથ ધરી મકાનમાલિકોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. જ્યારે આ અંગેના ફોર્મ તેમજ પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

ઈન્પેક્ટ ફી ના કાયદા અન્વયે ૨૮ માર્ચ ૨૦૧૧ પહેલાના અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે ઈમ્પેક્ટ ફી ની પ્રક્રીયા ખર્ચાળ અને થોડા સુધારા અનિવાર્ય હોવાની પ્રબળ માંગ સાથે આમ નાગરિકોમાં આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. શહેરીજનો દ્વારા અગાઉ ઈમ્પેક્ટ ફીની મુદત વધારવા પણ માંગણી કરવામાં આવી હતી. ગુડાને ઈમ્પેક્ટ ફી અન્વયે અત્યાર સુધી ૩ હજાર ફોર્મ ભરીને સુપ્રત કરવામાં આવ્યા છે જ્યારે આવતીકાલે જાહેર રજાના દિવસે પણ ફોર્મ સ્વીકારવાની વ્યવસ્થા ગુડાના તંત્ર દ્વારા કરવામાં આવી છે. જ્યારે છેલ્લા બે દિવસ બાકી હોવાથી ઈમ્પેક્ટ ફી નું ફોર્મ ભરવા પણ નાગરિકોનો ધસારો જોવા મળે છે.

જૂના સેકટરોમાં પાણીનો પોકાર

સે-૧૬ના આવાસોમાં ફોર્સથી પાણી ન મળતા રહીશો તોબા

ગાંધીનગર, તા.૧૭

વરસતા વરસાદ વચ્ચે શહેરના જૂના સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. વરસાદી પાણીના ભરાવાની સમસ્યા વચ્ચે સેકટરવાસીઓને પાણી ફોર્સથી ન મળતા આકોશ પ્રર્વત્યો છે. સે-૧૬ના સરકારી આવાસમાં પણ છેલ્લા ૧૫ દિવસથી પાણી ફોર્સથી ન આવતા રહીશોએ હાલાકી વેઠવી પડે છે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે શહેરના જૂના અને નવા સેકટરોમાં પાણી ફોર્સથી પુરૂં પાડવા ગત વર્ષ દરમિયાન જ નવી ટાંકી, પમ્પીંગ સ્ટેશન બનાવવા ઉપરાંત પાઈપલાઈન અપગ્રેડ કરવામાંઆવી છે. જ્યારે સમગ્ર શહેરમાં કોમન સપ્લાય આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. નવી પાણી વિતરણ વ્યવસ્થા અમલમાં મુકાયા બાદ પ્રારંભિક તબક્કે પૂરતા ફોર્સથી પાણી મળતા સેકટરવાસીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી પરંતુ છેલ્લા બે મહીનાથી સેકટરોમાં છાશવારે પાણી ફોર્સથી ન આવતું હોવાનો કકળાટ પ્રવર્તે છે. જો કે ગત ઉનાળા દરમિયાન મોટા ભાગના સેકટરોમાં ફોર્સથી પાણી મળતું હોવાનો પ્રબળ સૂર ઉઠવા પામ્યો હતો જ્યારે તંત્ર કક્ષાએથી પણ પાણીની સમસ્યા હવે હલ થઈ ગઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. પરંતુ જૂના સેકટરોમાં કોમન સપ્લાય આપવાનું શરૂ કરાયા બાદ પ્રારંભિક તબક્કામાં આવાસોમાં પ્રથમ મજલા સુધી પાણી પહોંચતું હતું. હાલની સ્થિતિએ જૂના સેકટરોમાં ફોર્સથી પાણી ન મળતા ફરી એકવાર પોકાર ઉઠવા પામી છે. સે-૧૬ના સરકારી આવાસોમાં છેલ્લા ૧૫ દિવસથી પાણીની ટાંકીઓ ભરાતી નથી ઉપરના મજલા સુધી પાણી પહોંચતું નથી તહેવારના દિવસમાં પાણીની સમસ્યા ઉદભવતા રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલર શ્રીમતિ પીન્કી પટેલ તેમના પતિ રજનીભાઈ અને પરિવારના સભ્યો સાથે એક સપ્તાહ માટે દુબઈના પ્રવાસે જઈ રહ્યા છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના સત્તાધારી પક્ષના સભ્યોમાં બેસવાના મુદ્દે ભારે ખેંચતાણ થતાં મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાને દરમ્યાનગીરી કરવી પડી હતી.
- આજે સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસના સભ્યોની આંતરીક બોલાચાલીથી સભામાં ખલેલ ઉભા કરવાથી વાજ આવી ગયેલા મેયરે જણાવ્યું કે 'તમે બોલવાનું ચાલુ રાખો અમે જઈએ' કહેતાં જ સભાખંડમાં સન્નાટો છવાઈ ગયો હતો.
- મહાત્મા મંદિર ખાતે પંયાયતી રાજના રાષ્ટ્રીય સેમિનારને લઈ જિલ્લા પંચાયતના મોટાભાગના કર્મચારીઓ ને ડ્યુટી સોંપાતા કચેરી સુમસામ ભાસતી હતી.
- ગાંધીનગર જિલ્લા પંયાયતના નવા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ આજે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજે વધુ ૧૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશ્નર શ્રી પાડલિયા મહાત્મા મંદિર ખાતે વ્યસ્ત હોવાથી મેયરની બાજુમાં ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નર શ્રી પાટડિયાએ સ્થાન લીધુ હતુ.
- ગાંધીનગર મહાનગર ભાજપના આગેવાનોની બે દિવસીય બેઠકોનો આજથી પ્રારંભ થયો છે.

સુધારાઓ માત્ર નીતિમાં નહિ, અમલવારીમાં પણ જરૂરી

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે શરૂ થયેલી બે દિવસીય પંચાયતી રાજપરિષદના ઉદ્‌ઘાટન પ્રસંગે મોદીનું સંબોધન

ગાંધીનગર, તા. ૧૭

વહીવટીતંત્ર અને કાયદામાં સુધારાઓ સર્વસમાવેશક હોવા જોઈએ જેથી કલ્યાણ રાજ્યની કલ્પનાને સાકાર કરી શકાય. સુધારાઓ માત્ર નીતિમાં નહિ અમલવારીમાં થાય તેમજ તેનો સીધો લાભ લોકોને પહોંચે તે જોવાનું કામ ચૂંટાયેલી પાંખનું છે તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

મહાત્મા મંદિર ખાતે આજે પંચાયતી રાજના રાષ્ટ્રીય સેમિનારનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આજકાલ રિફોર્મની બહુ વાતો ચાલે છે પણ રિફોર્મથી થનારો લાભ લોકો સુધી પહોંચાડવો હશે તો સર્વસમાવેશક સુધારા કરવા પડશે. ગુજરાતે જમીન રિસર્વેનો પ્રોજેક્ટ, ટુકડાધારા રદ કરવાનો સુધારો, સમરસ પંચાયત, તીર્થગામ, પાવનગામ જેવી યોજનાઓ અને લોકોના પ્રશ્નોનો ઉકેલ લોકોની વચ્ચે આવે તે માટે ગ્રામસભા અભિયાન જેવા અનેક સુધારા કરી જનજાગૃતિની સાથે સાથે લોકહિતને પણ એટલુ જ મહત્વ આપ્યું છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પંચાયતી રાજ અને ગ્રામ વિકાસની બે દિવસની રાષ્ટ્રીય પરિષદનું આજે ગાંધીનગરમાં ઉદ્‌ઘાટન કરતાં ગ્રામીણ સશક્તિકરણ માટે ગ્રામશક્તિને વિકાસમાં જોડવાનું આહ્વાન કર્યું હતું. પંચાયતી રાજના માધ્યમથી ગ્રામવિકાસ ક્ષેત્રે અનેકવિધ અનોખી પહેલ કઈ રીતે થઈ શકે તેનું માર્ગદર્શન પણ તેમણે આપ્યું હતું. પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિ ઉજવી રહેલા ગુજરાતમાં મહાત્મા મંદિરમાં આજથી બે દિવસીય પંચાયતી રાજ અને ગ્રામ વિકાસની રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ થયો હતો. ભારતના બધા જ રાજ્યોમાંથી ગ્રામીણ વિકાસ ક્ષેત્ર અને પંચાયતી રાજના પ્રતિનિધિઓ અને પદાધિકારીઓ સહિત કુલ ૫૯૦૦થી વધુ જેટલા તજજ્ઞો અને આગેવાનો ભાગ લઈ રહ્યા છે. પાંચ ટેકનિકલ સત્રો અને ૨૦ જૂથ ચર્ચા બેઠકોમાં ૩૨ જેટલા તજજ્ઞો વિવિધ વિષયો આદારિત થીમ ઉપર પરામર્શ મનનીય પ્રવચનો કરવાના છે.

● અનુસંધાન પાન-૭ પર

મનપા પૈસા ઉડાડી રહી છે : પિન્કી પટેલ

જીમખાનાના પૈસાની ફાળવણીનો બીજો હિસ્સો હવે નહિ ચુકવાય : મહેન્દ્રસિંહ રાણા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાં બેફામ રીતે વેડફાઈ રહ્યાનો આક્ષેપ કરતાં કોંગીના શ્રીમતિ પીન્કીબેન પટેલે જણાવ્યું હતું કે સોલાર લાઈટ માટેની ગુણવત્તાની ચકાસણી કરાઈ નથી એ દુઃખદ છે. આ ઉપરાંત ટ્રી ગાર્ડમાં પણ ગુણવત્તાનું ધ્યાન નથી અપાયું.

શ્રીમતિ પટેલે જણાવ્યું હતું કે જેમ બાંકડાઓ બે વર્ષમાં તુટી ગયા તેવી સ્થિતિ પણ સોલાર લાઈટ અને ટ્રી ગાર્ડમાં ન થાય એ જોજો મને તો આમાં મોટા ભ્રષ્ટાચારની ગંધ આવે છે.

આકમક રજુઆત કરતાં શ્રીમતિ પટેલે જીમખાનામાં જુગારખાનુ ચાલતું હોય તેની મરામત માટે કોર્પોરેશન ફંડ ફાળવે તે કોઈ રીતે સાંખી શકાય નહિ. તેમણે લોકોના પરસેવાના પૈસા વેરા તરીકે વસુલીએ છીએ તેનો સદુપયોગ થાય. લોકોના હિતના કામ થાય તે માટે વાપરવા જોઈએ.

તેમણે જણાવ્યું કે કોર્પોરેશને બેફામ નાણાં વાપરવા પર લગામ રાખવી પડશે નહિ તો કોર્પોરેશન પણ દેવાળીયું બનશે પ્રજાએ કામ માટે વિજયી બનાવ્યા છે અને સત્તામાં આપણે આપણો રાહ ભૂલીશું તો પ્રજા આપણને રાહ બતાવી દેશે.

મેયર શ્રી રાણાએ જણાવ્યું હતું કે સોલાર લાઈટની ખરીદી ગુણવત્તાની ચકાસણી બાદ જ કરવામાં આવી છે. તે મણે જણાવ્યું કે સે-૧૯ના જીમખાનાની મરામતમાં આપેલા પૈસા સ્થગિત કરાશે અને આ નાણાં હવે ત્યાં નહિ પણ અન્ય જગ્યાએ અપાશે તેવી ખાત્રી આપી હતી.

શ્રી રાણાએ જણાવ્યું હતું કે કોર્પોરેશન ખર્ચ આડેધડ નહિ સરકારની કરકસરની નીતિને નજર સમક્ષ રાખીને જ કરે છે.

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે મકાન તથા મિલ્કત વેરો ભરવા માટે લાંબી કતાર જોવા મળી રહી છે. વસાહતીઓને લાંબો સમય કતારમાં ઉભા ન રહેવુ પડે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ કરવામાં આવી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

એસટી ડેપોમાં ૨૧૬ ડ્રાઈવર ઓન ડયુટી : વીસની ઘટ!

તહેવારના દિવસોમાં ટ્રાફિકનું પ્રમાણ વધ્યું : મેનપાવરના અભાવે બસ સેવાને વિપરિત અસર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ડેપોને તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવી રહી છે. પરંતુ મેનપાવરના અભાવે હજુ પણ મુસાફરોને નિયમિત અને સમયસર બસ સેવા ઉપલબ્ધ થતી નથી. એસ.ટી. ડેપોમાં હાલ ૨૧૬ ડ્રાઈવરો ફરજ બજાવે છે. જ્યારે ૨૦ ડ્રાઈવરની ઘટ પ્રવર્તી છે.

એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવાના ભાગરૂપે તબક્કાવાર ગતિવિધિઓ હાથ ધરવામાં આવે છે. ડેપોને નવી બસો ફાળવવા ઉપરાંત મુસાફરોને લગતી જરુરી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ગાંધીનગર અમદાવાદ રૂટ પર આગામી ઓકટોબર મહીના સુધીમાં ૧૦૦થી વધુ નવી બસો દોડતી કરવામાં આવનાર છે. જ્યારે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વિકાસરૂટ પર નવી ૨૫ બસો શરુ કરી દેવાઈ છે. ડેપોને નવી બસો ફાળવવાની સાથે ડ્રાઈવર-કન્ડકટરની ઘટ નિવારવા તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. કન્ડકટરની ઘટને ધ્યાને લઈ આગામી સમયમાં ભરતી પણ કરવામાં આવનાર છે. ડેપો કક્ષાએ હાલ ૨૧૬ ડ્રાઈવરો ફરજ બજાવે છે. જ્યારે તહેવારના દિવસોમાં ટ્રાફિક વધતા સ્ટાફની ઘટના કારણે બસ સેવા પર વિપરિત અસર થઈ રહી છે હાલ તહેવારોના દિવસમાં ડેપો સંકુલ મુસાફરોથી ભરચક જોવા મળે છે. પરંતુ હજુ ડ્રાઈવરની ઘટ હોવાના લીધે મુસાફરોને સમયસર બસ સેવા પુરી પાડવાનું કામ મુશ્કેલ બન્યું હોવાનું ધ્યાને આવ્યું છે. હાલ ડેપોમાં ૨૦ ડ્રાઈવરોની ઘટ હોવાનું ધ્યાને આવ્યું છે.

મહેસુલી અધિકારીઓની બદલીનો ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૧૭

એડીશનલ કલેકટરો અને નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓની બદલીનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી સમાહમાં બદલી અને બઢતીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના અંદાજે ૫૪ જેટલા નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓને એડીશનલ કલેકટર તરીકે બઢતી આપીને તેમની નિમણુંકો ન થાય ત્યાં સુધી જે તે જગ્યાએ જે નિમણુંકો આપવામાં આવી હતી કારણ કે તે સમયે વિધાનસભા ચૂંટણી આચારસંહીતાને કારણે બદલીઓ થઈ શકી ન હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૫૪ જેટલા એડીશનલ કલેકટર કક્ષાના અધિકારીઓની બદલીઓ અંગેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી સમાહમાં બદલીનો પ્રથમ દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત નાયબ કલેકટર સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે પણ બઢતી અને બદલીની પ્રક્રિયા મહેસૂલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મામલતદારમાંથી નાયબ કલેકટર સંવર્ગમાં બઢતી આપવા માટે ડી.પી.સી.ની બેઠક યોજવા માટેની કવાયત હાથ ધરી છે અને આ માસમાં ડી.પી.સી. મળે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

રાજ્યમાં વિવિધ જિલ્લામાં એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં લાંબા સમયથી ફરજ બજાવતા નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓની બદલી અંગેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને એડીશનલ કલેકટરો સાથે જ નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓની બદલીનો પણ દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Waterproofing for champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Forming Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com